# અમદાવાદમાં રથયાત્રા પર હાઈકોર્ટની રોક



## અંતે રથયાત્રાને લઈને શંકા-કુશંકા પર પરદો પડ્યો : સુપ્રીમ કોર્ટે પણ પુરીની રથયાત્રા યોજવા ઉપર મનાઈ ફરમાવી હતી : ગુજરાત હાઈકોર્ટે તત્કાળ સુનવાણી કરી

અમદાવાદ, તા. ૨૦

કોરોનાના કાળા કેરમાં ૨૩મી જૂને અમદાવાદમાં પરંપરાગત રથયાત્રા કાઢવા અંગે છેલ્લા કેટલાક દિવસથી ચાલતી દ્વીધાનો આજે અંત આવતા ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે થયેલી અરજી પર તત્કાળ સુનાવણી કરતા યાત્રા કાઢવા પર રોક લગાવી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ સુપ્રીમ કોર્ટ પણ પુરીની જગપ્રસિધ્ધ રથયાત્રા કાઢવા પર મનાઈ ફરમાવી દીધી હતી. અગાઉ કોરોના મહામારીના કારણે ભગવાન જગન્નાથજીની ૧૪૩મી રથયાત્રાનું આયોજન કરવાને લઈને અસમંજસભર્યુ વાતાવરણ હતું અને ત્રણ દિવસ બાકી હોવા છતાં પણ સરકાર તરફથી કોઈ મંજૂરી આપવામાં આવી નહતી. એ દરમિયા અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને મંદિરની બહાર ગર્ભગૃહમાં લાવીને પરંપરા મુજબ રથમાં બિરાજમાન કરવાનું આયોજન છે. તેમજ પહિંદવિધિ સહિત તમામ પરંપરાગત વિધિ કરવામાં પણ કરવાની છે. જો સરકાર તરફથી રથયાત્રા કાઢવાની મંજૂરી આપવામાં આવત તો ભગવાન નગરચર્યાએ નીકળ્યા હોત અને લોકોને દર્શન થઈ શક્યા હોત. પરંતુ મંજૂરી નહીં મળતાં મંદિરના પ્રાંગણમાં ભગવાનના રથને ફેરવવામાં આવશે એવું જાણવા મળ્યું છે. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ આ બાબતે કોર્ટના ચુકાદા અગાઉ જણાવ્યું હતું કે, અષાઢી બીજના દિવસે ભગવાનને મંદિરમાંથી બહાર લાવી રથમાં બિરાજમાન કરવામાં આવશે જ અને વિધિ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે સરકાર હા પાડશે તો રથ શહેરમાં ફરશે. મંજૂરી નહિ મળે તો પણ પરંપરાગત રીતે ભગવાન રથ પર બિરાજમાન થશે અને બીજા દિવસે મંદિરમાં જશે. આવતીકાલે રવિવારે સૂર્યગ્રહણ હોવાથી સાંજે પાંચ વાગ્યા પછી નેત્રોત્સવ વિધિ કરવામાં આવશે.

કોરોનાની મહામારીના કારણે રથયાત્રા નહીં યોજાય પરંતુ અષાઢી બીજના દિવસે ભગવાન મંદિરની બહાર રથ પર બિરાજમાન થશે. સવારે મંગળા આરતીથી લઈ તમામ વિધિ કરવામાં આવશે. સવારે ભગવાનને મંદિરની બહાર રથ પર બિરાજમાન કરી પહિંદ વિધિ પણ કરવામાં આવશે. રથને થોડો ચલાવવામાં પણ આવશે. રથને મંદિરની બહાર પ્રાંગણમાં ફેરવવામાં આવી શકે છે, એમ મહેન્દ્ર ઝાએ જમાવ્યું હતું.

# રાજ્યમાં નવા ૫૩૯ કેસ, વધુ ૨૦નાં મોત

## રાજ્યમાં સતત આઠમાં દિવસે કોરોના ૫૦૦થી વધુ કેસ : કુલ કેસો ૨૬૭૩૭

અમદાવાદ, તા. ૨૦

રાજ્યમાં આજે સતત આઠમાં દિવસો કોરોના પોઝીટીવીના ૫૦૦થી ઉપર ૫૩૯ કેસ નોંધાયા છે જે અત્યાર સુધીમાં સૌથી વધુ કેસમાં બીજા ક્રમાંકે છે. આ સાથે રાજ્યમાં કોરોનાથી સંક્રમિત કુલ કેસ ૨૬૭૩૭ થયા છે. રાજ્યમાં આજે ૨૦ વ્યક્તિઓના કોરોનાને કારણે મૃત્યુ થયા છે. આ સાથે મૃત્યુઆંક ૧૬૩૯ ઉપર પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૫૩૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. અત્યાર સુધીમાં ૧૮૭૦૨ વ્યક્તિઓ કુલ સાજા થઈને ઘરે ગયા છે. રાજ્યમાં આજે કોરોનાના ૫૧૧૩ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.રાજ્યમાં આજે ૬૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં સતત વધતા જતા કોરોનાના કેસો આરોગ્ય વિભાગ માટે સતત ચિંતાનો વિષય બની રહ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૦ વ્યક્તિઓના કોરનાના કારણે મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૧૬ અને સુરતમાં ૪ વ્યક્તિઓના મોત થયા છે. રાજ્યમાં ૨૫ જિલ્લામાં આજે કોરોનાના પોઝીટીવ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં સતત ૧૪માં દિવસે ૩૦૦થી વધુ કેસો ૩૦૬ કેસ ૨૪ કલાકમાં નોંધાયા છે. આસાથે અમદાવાદમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧૮૫૬૪ થયો છે. આજે છેલ્લા ઘણા સપ્તાહની સરખામણીમાં અમદાવાદમાં સૌથી ઓછા મૃત્યુ ૧૬ જેટલા કોરોનાને લીધે થયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૩૧૨ થયા છે. સુરત શહેરમાં આજે પ્રથમવાર કોરોનાનો પોઝીટીવના ૧૦૩ કેસ નોંધાયા અને કુલ કોરોનાના સંક્રમિતનો આંકડો ત્રણ હજારને પાર કરી ૩૦૫૭ થયો છે. આજે વધુ ૪ મૃત્યુ સાથે સુરતમાં કુલ મૃત્યુઆંક ૧૨૦ થયો છે. સુરતમાં આજે વધુ કેસ નોંધાતા આરોગ્ય અગ્રસચિવ સહિત અન્ય અધિકારીઓસુરત ગયા હતા. વડોદરા શહેરમાં આજે કોરોના પોઝીટીવના ૪૩ નવા કેસ નોંધાતા કોરોનાના સંક્રમિતોનો કુલ આંકડો ૧૮૧૩ પર પહોંચ્યો છે. જ્યારે ગાંધીનગરમાં વધુ ૮ નવા દર્દી સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૫૪૮ થયો છે. રાજ્યના અન્ય જિલ્લામાં ભરૂચમાં ૧૨, ભાવનગરમાં ૯, નર્મદામાં ૮, જામનગરમાં ૭, મહેસાણા, રાજકોટ, આણંદ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં ૪, બનાસકાંઠા, અરવલ્લી, પાટણ અને નવસારીમાં ૩, મહીસાગર, ખેડા અને વલસાડમાં ૨, પંચમહાલ, કચ્છ, બોટાદ, દેવભૂમિ દ્વારકા અને મોરબીમાં ૧ કેસ નોંધાયા છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૩,૧૯,૪૧૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજની સ્થિતિએ કોરોનાના ૬૩૯૬ એક્ટીવ ટેસ્ટ છે. જેમાં ૬૬ વેન્ટીલેટર પર અને ૬૩૩૦ સ્ટેબલ છે. રાજ્યમાં આજની તારીખે કુલ ૨૧૯૯૧૧ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે અને ૪૦૩૬ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

## મંજૂરી વિના રિનોવેશન હાથ ધરવુ અયોગ્ય : પંચાયત પ્રમુખ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને એક પત્ર લખી રિનોવેશન સહિતની કામગીરી માટે સ્વભંડોળમાંથી ખર્ચ કરવાના મુદ્દે સામાન્ય સભા કે કારોબારી સમિતિની મંજૂરી લેવાની હોય છે જે આપના કાર્યાલય દ્વારા લેવામાં આવી નહિ હોવા અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

જિલ્લા વિકાસ અધધિકારીશ્રીને લખેલા પત્રમાં તેમણે ૬ જૂનના વિકાસ કમિશનરના પત્રને ધ્યાને કેમ લેવાયો નથી તેવો આક્રોશ પણ આ પત્રમાં વ્યક્ત કર્યો છે.

# ગુજરાત એટીએસનું સૌથી મોટું આપરેશન ‘વેપન’,

## ગુજરાત એટીએસના પાંચ જિલ્લામાં દરોડા : ૫૪ હથિયારો સાથે ૯ ઝડપાયા : કચ્છ, મોરબી, ભાવનગર, અમરેલી અને અમદાવાદ જિલ્લામાં સપાટો

અમદાવાદ, તા. ૨૦

ગુજરાતના એન્ટી ટેરેરીસ્ટ સ્કોવર્ડ દ્વારા રાજયના અમદાવાદ સહિત, કચ્છ, મોરબી, અને ભાવનગર અને અમરેલી જિલ્લામાં દરોડા પાડી ૫૪ ગેરકાયદે ભારતીય અને વિદેશી બનાવટના હથિયારો ઝડપી પાડયા છે. આ મામલે હમણાં સુધી નવ આરોપીઓની ધરપકડ કરી છે. છેલ્લાં નવ દિવસથી એટીએસ દ્વારા શરૂ કરવામાં આવેલી ગુપ્ત ઓપરેશનને શુક્રવારની રાતે અંજામ આપવામાં આવ્યો હતો સમગ્ર ઓપરેશન સ્થાનિક પોલીસની જાણ બહાર થયુ હતુ.

ગુજરાત એટીએસના ડીઆઈજી હિમાંશુ શુકલાને જાણકારી મળી હતી કે થોડા દિવસ પહેલા કચ્છ પોલીસે પકડેલી ગેંગને હથિયાર આપવાનું કામ અમદાવાદના એક નામાંકિત હથિયાર ડિલર ગુપ્તા ગન હાઉસમાંથી હથિયારો આપવામાં આવ્યા છે, આ માહિતીને આધારે તેમણે ડેપ્યુટી પોલીસ સુપ્રીટેન્ડન્ટ ભાવેશ રોજીયાને આ ટીપ ઉપર કામ કરવાની સુચના આપતા ડીવાયએપી રોજીયાએ અલગ-અલગ ટીમ્સ તૈયાર કરી કોની પાસે કેટલા ગેરકાયદે હથિયારો છે અને કયાં છે તેની માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરી હતી, શુક્રવારની સાંજે તમામ માહિતી આવી જતા એટીએસના ટીમોએ મોડી રાતે ઓપરેશન પાર પાડવાનું નક્કી કર્યુ હતું.

જો કે આ ઘટના ક્રમ કચ્છના મોરના શિકાર માટે આવેલા લોકો આધુનિક હથિયાર સાથે પકડાયા હતા જેમાં કચ્છ ભુજ પોલીસે આરોપીઓ પાસેથી હથિયારો અને જીવતા કારટીસ જપ્ત કર્યા હતા જેમાં છ્જી ના વડા હિમાંશુ શુકલા ને આ બાબતની માહિતી મળતા તેઓએ આમાં મોટા કૌભાંડની શંકા દર્શાવી હતી બાદમાં ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી.

# બંગાળની ખાડીમાં લો પ્રેશર : ૨૩મી સુધીમાં વરસાદ થશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં કોરોના કાળ વચ્ચે એક બાજુ ગરમીનો માહોલ છે તો બીજી બાજુ રાજ્યનાં કેટલાંક વિસ્તારોમાં વરસાદે માઝા મૂકી છે. એટલે કે, રાજ્યનાં કેટલાંક વિસ્તારોમાં હજી ચોમાસું શરૂ થાય તે પહેલાં જ વરસાદ શરૂ થઈ ગયો છે. એમાંય ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં વિસ્તારોમાં તો વરસાદનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે એક વાર ફરી હવામાન વિભાગે વરસાદને લઈને આગાહી કરી છે.

રાજ્યનાં ક્યારે વરસાદ પડશે તેને લઈને હવામાન વિભાગે આગાહી કરી દીધી છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે, “આવતીકાલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ વરસી શકે છે. હવામાને દરિયાકાંઠાનાં વિસ્તારોને એલર્ટ રહેવા માટેનું જણાવ્યું છે અને તારીખ ૨૧ જૂન સુધી રાજ્યમાં માછીમારોને દરિયો ન ખેડવા માટેની સ્પષ્ટ સૂચના આપી દીધી છે.”

બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ સર્જાતા હવામાન વિભાગે વરસાદની આગાહી કરતા જણાવ્યું કે, “આગામી ૨૩ જૂન બાદ રાજ્યમાં ભારે વરસાદ વરસવાની શકયતા છે.

## મહેસાણા જિલ્લામાં વધુ ૧૧ કેસ

મહેસાણા, તા. ૨૦

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ મુજબ ૨૦ જૂન સુધીમાં ૩૦૯૮ સેમ્પલ લેવામાં આવેલ હતા જેમાંથી ૨૮૭૯ સેમ્પલ નેગેટીવ આવેલ છે. જિલ્લામાં શનિવારે ૫૮ સેમ્પલનું પરીણામ નેગેટીવ આવેલ છે. જેમાંથી ૫૬ના પરીણામ નેગેટીવ અને ૨ ના પરીણામ પોઝીટીવ આવેલ છે. જિલ્લામાં ૧૨ સેમ્પલના પરીણામ પેન્ડીંગ છે. જિલ્લામાં આજે ૩ કોરોનાના દર્દીઓ સાજા થતાં રજા આપેલ છે. મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ ના આજ દિન સુધી ૨૧૮ પોઝીટીવ કેસ નોંધાયા છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૮૮૦૫૬૦૮ | ૪૬૩૫૪૧ | ૪૬૫૭૭૩૧ |
| ભારત | ૪૦૦૭૨૪ | ૧૩૦૩૫ | ૨૧૬૭૩૦ |
| ગુજરાત | ૨૬૭૩૭ | ૧૬૩૯ | ૧૮૭૦૨ |
| ગાંધીનગર | ૫૬૨ | ૨૮ | ૩૩૧ |

## નિર્માણ કર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જેને અનુલક્ષી આગામી સોમવારે સવારે ૧૧ કલાકે સ્વર્ણિમ સંકુલમાં આવાસોનો ડ્રો કરવામાં આવશે. લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવશે. આ તબક્કે પ્રભારી મંત્રી કૌશિક પટેલ, રતનકુંવરબા ગઢવી હાઉસીંગ વિભાગના સચિવ લોચન શહેરા, ગુડાના ડેપ્યુટી કલેકટર કે એસ પ્રજાપતિ સહીતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. ગુડાના કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં આવાસોનુ બાંધકામ ચાલુ છે. જયારે વર્ષ ૨૦૨૧માં આવાસ યોજનાના લાભાર્થીઆને પણ કબજો સોંપી દેવાશે. ગુડાએ અત્યાર સુધી રાયસણમાં ૧૨૫૬, અડાલજમાં ૬૩૨ , ચિલોડામાં ૧૨૮, કુડાસણમાં ૭૨૦ એમ આઈ જી અને એલ આઈ જી આવાસો તૈયાર કર્યા છે. જયારે આ આવાસોમાં હાલ નાગરિકો વસવાટ પણ કરી રહ્યા છે. ગુડાએ અત્યાર સુધી કુલ ૨૭૩૬ આવાસનુ નિર્માણ કર્યુ છે. જયારે કુડાસણ અને સરગાસણના આ આવાસો માટે પણ કુલ ૫૮૩૫ અરજીઓ ગુડાને મળી હતી. જયારે આ પૈકી ૪૪૯૩ અરજીઓ મંજુર કરાઈ હતી. જેના આધારે હવે ડ્રો થશે અને કુલ ૭૨૮ લાભાર્થીઓને માથે છત મળશે.

## વધુ ૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કેસ મળ્યો છે. કન્ટ્રક્શનના વ્યવસાય સાથે આ પરિવારના સભ્યો સંકળાયેલા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકામાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક મહિલા અને એક ૭ વર્ષના બાળકનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે માણસાનગરની એક ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

તાલુકાના આનંદપુરા વેડા ગામેથી પણ એક ૭ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. પરિવારે બાળકને હોમ આઈસોલેશનમાં રાખવાની બાંહેધરી તંત્રને આપતાં આ બાળકને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવેલ છે.

દરમ્યાન આજે સારવાર દરમ્યાન કલોલના એક વધુ દર્દીનું અવસાન થયુ છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી ૫ મી જૂનના રોજ સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતુ. જૈફ વયને લઈ અન્ય બિમારી પણ તેમને હોવાનું જાણવા મળેલ છે.

કલોલમાં આજના આ મૃત્યુ સાથે કલોલ તાલુકામાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૫ પર પહોંચી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૨૯ થવા જાય છે.

## વધુ ૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૩-બી માંથી એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી અમદાવાદ-ખોરજ માર્ગ પરની એક આવાસ યોજનામાં ઈલેક્ટ્રીકલ સુપરવાઈર તરીકે નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

સે. ૨-એ માંથી એક ૫૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ છે તેની વિગતો મેળવવામાં આવી રહી છે. આ મહિલા દર્દીના પરિવારની પાંચ વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવી છે.

સે. ૪-બી માંથી એક ૩૮ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા એ અગાઉ સંક્રમિત થયેલા પિતાની દિકરી છે તેમ જાણવા મળેલ છે.

આ ઉપરાંત સે. ૨૭ની સોમેશ્વર સોસાયટીમાંથી એક ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે હાલ ૨૫૦ જેટલી વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

## વકરતો કોરોના

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર અત્યાર સુધીમાં ૫૪.૧ ટકા દર્દી સંક્રમણથી બહાર આવી ગયા છે. એક જ દિવસમાં ૧૪,૫૧૬ નવા કેસ સામે આવાથી દેશમાં કુલ કેસોની સંખ્યા ૩,૯૫,૦૪૮ થઈ ગઈ છે. જ્યારે મૃતકોની સંખ્યા ૧૨,૯૪૮ છે, જ્યારે ૩૭૫ લોકોના એક જ દિવસમાં મૃત્યું થયા છે. આ મહીનામાં અત્યાર સુધીમાં ૨,૦૪,૫૧૩ કેસ થયા છે.

કોરોનાના વધતા કેસ પર નજર નાંખીએ તો સૌથી વધારે ૩ રાજ્ય પર સંકટ વધેલું જોવા મળી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશના માત્ર ૩ રાજ્યોમાંથી અંદાજે ૧૦,૦૦૦ જેટલા કેસ સામે આવ્યા છે. દિલ્હી, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં કોરોનાના ૯૦૭૦ કેસ સામે આવ્યાં છે.

જ્યારે દેશના અન્ય ૩૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મળીને ૫૪૩૭ કેસ સામે આવ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાંથી ૩૧૩૭ નવા કેસ, મહારાષ્ટ્રમાંથી ૩૮૨૭ અને તામિલનાડુમાંથી ૨૧૧૫ નવા કેસ સામે આવ્યાં છે.

મહારાષ્ટ્રમાં પણ કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે મુંબઈ પોલીસે બીએમસીથી ૫ જગ્યા પર સંપૂર્ણ રીતે લૉકડાઉનની માંગણી કરી છે. મુંબઈ પોલીસે કોરોનાના વધતા કેસને જોતાં બીએમસીથી સમતા નગર, કુરારના અપ્પાપાડા, કુરાર ગામ, મડ વિસ્તાર અને મલાડાના કેટલાક વિસ્તારોને સંપૂર્ણ લૉકડાઉન કરવાની માગ કરી છે. આ સમયે કોઈને પણ ઘરની બહાર નીકળવાની પરમિશન ન આપવાનો નિર્ણય લેવાશે. આ સાથે ફક્ત જરૂરી સામાનને ખોલવાની માંગ કરી છે.

# પ્રાંતિજ ખાતે માસ્ક પહેર્યા વગર ફરતા લોકો પર પોલીસ દ્વારા કડક કાર્યવાહી





પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ દ્વારા માસ્ક પહેરવાની જાગૃતિ લાવ્યા બાદ પણ નગરના વિવિધ વિસ્તારોમાં માસ્ક વગર ફરતા લોકોને દંડની કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

ભારત સરકાર દ્વારા લોકડાઉન બાદ હવે અનલૉક-૧ની જાહેરાત કરાઈ છે. અને અનલૉક વનમાં અમુક છૂટછાટ સાથે વેપાર ધંધા ખોલવાની પરવાનગી અપાઈ છે અને સરકાર દ્વારા અમુક ગાઈડલાઈન્સ પણ જાહેર કરવામાં આવી છે. આ ગાઈડલાઈન્સ પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સ રાખવું તેમજ, માસ્ક પહેરવું ફરજિયાત જેવી બાબતોનું ચોક્કસપણે પાલન કરવાનું રહેશે. પરંતુ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં લોકો માસ્ક વગર ફરતા હતા અને સરકારની ગાઈડલાઈન્સ ના ધજાગરા ઉડાડતા જોવા મળ્યા હતા ત્યારે પ્રાંતિજ પોલીસ દ્વારા સરકારની ગાઈડલાઈનનું પાલન કરાવવા જે લોકો માસ્ક વગર ફરતા હતા તેમને રોકી અને ૨૦૦ રૂપિયાની દંડની પાવતી આપી અને દંડ વસૂલાયો હતો અને અત્યાર સુધીમાં ૧૭૫ માસ્ક વગર ફરતા લોકો જોડે દંડ વસુલાયો છે. પ્રાંતિજ પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૩૫૦૦૦ રૂપિયા જેટલો દંડ વસૂલવામાં આવ્યો હતો. શરૂઆતમાં માસ્ક બાબતની ગાઈડલાઈનનું પાલન કરાવવાની અને દંડની કાર્યવાહીની જવાબદારી નગરપાલિકા પાસે હતી પરંતુ હવે આ જવાબદારી સરકાર દ્વારા પોલીસ ખાતાને આપવામાં આવી છે, ત્યારે સાબરકાંઠા જિલ્લા એસપી ચૈતન્ય રવિન્દ્ર મંડલીકની સુચનાથી અને નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. સૂયંવશીની માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવતના માર્ગ દર્શન હેઠળ પ્રાંતિજ પીએસઆઈ બી.ડી. રાઠોડ તથા મહિલા પીએસઆઈ એ.બી. મિસ્ત્રી તથા ટાઉન પોલીસ જમાદાર હરીચંદ, પોલીસ કોન્સ્ટેબલ વસંતભાઈ પટેલ, પોલીસ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ, પોલીસ કોન્સ્ટેબલ દુલેસિંહ સહિત પોલીસ સ્ટાફ દ્વારા પ્રાંતિજનગરમા માસ્ક વગર ફરતાં લોકોને દંડ આપી જાગૃત કરી કાયદાનું કડક પાલન કરવા નગરજનોને જણાવ્યું હતું.